* S B - 3 4 0 6 / 3 0 0 *

# SB-3406

## M. Com. - II Examination

**March / April – 2011**

## Taxation : Paper - IV

*(Law of Direct Taxes & Practices*
*Incometax Act & Wealth Tax Act)*

Time : Hours] [Total Marks :

**સૂચના :**

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :
☛ **M. Com. - 2**

Name of the Subject :
☛ **Taxation : Paper - 4**

☛ Subject Code No. : **3 4 0 6** ☛ Section No. (1, 2,.....) : **Nil**

Seat No. :

Student's Signature

(૨) **જમણી** બાજુના અંક પૂરા ગુણ દર્શાવે છે.

(૩) પ્રશ્ન ક્રમાંક - **૨ ફરજિયાત** છે.

(૪) જરૂરી ગણતરી તમારા જવાબના ભાગ રૂપે દર્શાવો.

૧ X લિમિટેડની તા. ૩૧-૩-૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષની નીચેની માહિતી આપેલ છે : **૧૨**

(૧) કંપનીએ વર્ષ દરમ્યાન કંપનીએ કેન્ટીન માટે રૂ. ૫૦,૦૦૦ના ઘઉં ખેડૂત પાસેથી રોકડેથી ખરીદ્યા.

(૨) રૂ. ૩,૦૦,૦૦૦નો પ્લાન્ટ હપતેથી ખરીદ્યો. (સ્થાપના પછીના સમયનું રૂ. ૧,૦૦,૦૦૦ વ્યાજ મૂડીકૃત કરવામાં આવેલ છે.) (યંત્રની સ્થાપના આ વર્ષમાં થઈ.)

(૩) લેબોરેટરી માટે સંશોધનના રૂ. ૧,૫૦,૦૦૦ના સાધનો ખરીદ્યા.

(૪) રૂ. ૨૦,૦૦૦ કુવાના ખોદકામ માટે ખર્ચ્યા, જો કે આ કુવામાંથી પાણી મળી શક્યું નહીં.

(૫) વોરંટીની શરતો હેઠળ, ગ્રાહકોને વિનામૂલ્યે સ્પેરપાર્ટસ આપ્યા. આ સ્પેરપાર્ટસની વેચાણકિંમત રૂ. ૧,૮૦,૦૦૦ અને પડતર કિંમત રૂ. ૧,૨૦,૦૦૦ છે. આ વ્યવહારની હિસાબી ચોપડે નોંધ કરવામાં આવી નથી.

(૬) એક કર્મચારીની વેસ્ટ જર્મની ખાતે તાલીમ માટે રૂ. ૭૦,૦૦૦ ખર્ચ્યા (વિમાની ભાડું રૂ. ૧૦,૦૦૦, ૬૦ દિવસ માટે વિદેશી હુંડીયામણમાં દૈનિક ભથ્થું રૂ. ૬૦,૦૦૦) (અગાઉના વર્ષમાં આ પ્રકારના ખર્ચ મૂડીખર્ચ છે તેમ જણાવી મજરે મળેલ નથી.)

(૭) ફક્ત કર્મચારીઓના ઉપયોગ માટેના કુટુંબ નિયોજન કેન્દ્ર માટેનું મકાન રૂ. ૫,૦૦,૦૦૦ની કિંમતથી ખરીદ્યું.

(૮) પ્રાઈમ મિનિસ્ટર રીલીફ ફંડમાં રૂ. ૧,૦૦,૦૦૦નું દાન.

(૯) આવકવેરાના એડવાન્સ ટેક્સના હપતાની ચુકવણી માટે લીધેલ લોન પર વ્યાજના રૂ. ૩૦,૦૦૦ ચુકવ્યા.

ઉપરની વિગતોને ધ્યાનમાં લીધા વગર કંપનીનો નફો રૂ. ૧૦,૦૦,૦૦૦ છે. ઉપરની વિગતોને ધ્યાનમાં લઈ કંપનીની આવકની ગણતરી કરો.

**અથવા**

૧ (અ) મનોજ X કંપનીમાં રૂ. ૩૦,૦૦૦ના માસિક પગારથી કામ કરે છે. તેની પાસે પોતાના માલિકીનું મકાન છે જે તે સ્વરહેઠાણ માટે વાપરે છે. આ મકાનની લોન પર તે વાર્ષિક રૂ. ૧,૨૦,૦૦૦નું વ્યાજ ચુકવે છે. તેણે પોતાના માલિકને મકાન-મિલકતની ખોટ રૂ. ૧,૨૦,૦૦૦ જણાવી છે. X લિ. દ્વારા મનોજના પગારમાંથી માલિક દ્વારા દર મહિને કરવાની કરકપાતની ગણતરી કરો. ૬

(બ) નીચેના માટે મૂળસ્રોતથી કરવાની કરકપાતની ગણતરી કરો : ૬

(૧) તા. ૧-૭-૦૯ના રોજ એક ટીવી ચેનલ પોતાની ક્વિઝ સ્પર્ધા 'કોણ બનશે અબજોપતિ'ના વિજેતાને રૂ. ૧૧,૦૦,૦૦૦નું ઇનામ આપે છે.

(૨) સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા પોતાની એક શાખાના મકાનના ભાડા પેટે, કેન્દ્ર સરકારને માસિક રૂ. ૫૦,૦૦૦ ચૂકવે છે.

(૩) એક કંપની પોતાની ફેક્ટરીમાં આઉટડોર પેશન્ટની ચકાસણી માટે ડૉક્ટરને માસિક રીટેઈનશીપ પેટે રૂ. ૩,૦૦૦ ચૂકવે છે.

૨ નીચેની માહિતી પરથી Aના નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ના એડવાન્સ ટેક્સની ગણતરી કરો : ૧૦

| | | રૂ. |
|---|---|---|
| ૧ | પગારની આવક | ૨,૬૪,૦૦૦ |
| ૨ | મકાન-મિલકતની આવક (ગ્રોસ) | ૧,૫૦,૦૦૦ |
| ૩ | સરકારી જામીનગીરીની વ્યાજની આવક | ૫,૦૦૦ |
| ૪ | બૅન્ક ડિપોઝીટનું વ્યાજ | ૩,૦૦૦ |
| ૫ | દોડ-દોડની સ્પર્ધાના ઈનામની રકમ | ૧૪,૦૦૦ |
| ૬ | ખેતીની આવક | ૯૦,૦૦૦ |
| ૭ | પબ્લિક પ્રોવિડંડ ફંડમાં જમા કરાવેલ રકમ | ૧૦,૦૦૦ |
| ૮ | માલિક દ્વારા પગારમાંથી કરકપાત | ૯,૬૮૦ |

૩ નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ **ત્રણ**) ૧૨

(૧) આવકવેરા કાયદાની જોગવાઈ મુજબ કંપનીનો રહેઠાણ દરજ્જો કેવી રીતે નક્કી કરાય છે?

(૨) આવકવેરા કાયદાની કલમ-૧૩૨ હેઠળ આવકવેરા ડાયરેક્ટર ઑફ કમિશનરના તપાસ અને જપ્તી અંગેના અધિકારો.

(૩) પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN).

(૪) આવકવેરા કાયદાની કલમ ૨૩૪ D મુજબ રીફંડ પર વ્યાજ.

(૫) કંપની કે જેમા જાહેર જનતાને સંગીન રસ હોય (સેક્શન ૨(૧૮)).

૪ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો : (કોઈ પણ **બે**) **૧૨**

(૧) આકારણી ઑફિસર દ્વારા એક કરદાતાને તા. ૩-૧૨-૨૦૦૯ના રોજ આકારણી વર્ષ ૨૦૦૯-૧૦ માટે રીર્ટન જમા કરવા અંગે નોટીસ આપવામાં આવી. આ નોટીસના જવાબરૂપે કરદાતાએ નુકસાનનું રીર્ટન જમા કરાવ્યું જેમાં આગળ ખેંચેલ (અ) ધંધાનું નુકસાન અને (બ) ઘસારો સામેલ છે. ઉપરની હકીકતો પ્રમાણે શું કરદાતાને આગળ ખેંચેલ ધંધાના નુકસાનનો અને ઘસારાનો લાભ મળી શકે છે ? સકારણ જણાવો.

(૨) નીચેના સંજોગોમાં B એ આકારણી વર્ષ ૨૦૧૦-૧૧ માટે ફરજિયાત રીર્ટન ભરવું જરૂરી છે કે નહિ તે જણાવો :

Bની નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ની આવકો :

(અ) ધંધાની આવક.................................... રૂ. ૨,૫૦,૦૦૦

(બ) અન્ય આવકો ...................................... રૂ. ૨૫,૦૦૦

(ક) વેચાણ (ગ્રોસ) ...................................રૂ. ૨૫,૦૦,૦૦૦

(ડ) આગળથી ખેંચેલ ધંધાનું નુકસાન (કલમ-૭૨ પ્રમાણે) ............................ રૂ. ૨,૦૦,૦૦૦

(૩) કરદાતાનો એસેસમેન્ટ ઓર્ડર નિર્ધારિત સમયમર્યાદા પહેલા તૈયાર થયો હતો એવા સંજોગોમાં 'નોટીસ ઑફ ડિમાન્ડ' નિર્ધારિત સમયમર્યાદા બાદ આપી શકાય ? કારણ સહિત સમજાવો.

(૪) કરદાતા દ્વારા આવકવેરાનું રીર્ટન કાયદા હેઠળ નિર્ધારીત સમય મર્યાદાની અંદર, સેલ્ફ એસેસમેન્ટ ટેક્સ ચુકવણી કર્યા વગર જમા (ફાઇલ) કરવામાં આવેલ. કરદાતાએ સેલ્ફ એસેસમેન્ટ ટેક્સની ચુકવણી આકારણી પૂર્ણ થયા પહેલા કરી દીધેલ છે. આકારણી અધિકારી આ રીર્ટનને અયોગ્ય (Invalid) ગણવા માંગે છે. આકારણી અધિકારી આવુ કરી શકે છે ? કારણ સહિત જણાવો.

૫ A લિમિટેડ, તા. ૩૧-૩-૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષ માટે નીચેની માહિતી પૂરી પાડે છે : **૧૨**

| | *રૂ. (લાખમાં)* | *રૂ. (લાખમાં)* |
|---|---|---|
| કામગીરીનો નફો | | ૨૨૦ |
| બાદ : સામાન્ય અનામત ખાતે ફાળવણી | ૧૩ | |
| : મિલકતોની કિંમતમાં ઘટાડા અંગે પ્રોવિઝન | ૧૨ | |
| : સૂચિત ડિવિડન્ડ | ૧૫ | ૪૦ |
| ***ચોખ્ખો નફો*** | | ***૧૮૦*** |

ઉપર જણાવેલ નફો નીચેની ખર્ચા / આવકોને ઉધાર / જમા કર્યા પછી છે :

| | *ઉધાર (રૂ. લાખમાં)* | *જમા (રૂ. લાખમાં)* |
|---|---|---|
| (૧) સીધી-લીટી પદ્ધતિથી ઘસારો | ૮૦ | |
| (૨) આવકવેરો | ૪૦ | |
| (૩) ખેતીની આવક (નેટ) | | ૬૦ |
| (૪) પેઢીના નફાની આવકમાં હિસ્સો | | ૨૦ |

નીચેની વધારાની માહિતી આપેલ છે :

*રૂ. લાખમાં*

(૧) ઘટતી જતી બાકી પદ્ધતિની ઘસારો.............................. ૧૪૦

(૨) કંપનીધારાની જોગવાઈઓ પ્રમાણે આગળ ખેંચેલ ધંધાનું નુકસાન જેમા ઘસારો રૂ. ૧૦,૦૦,૦૦૦ સામેલ છે ........................................................ ૩૦

(૩) આવકવેરા કાયદાની જોગવાઈ મુજબ આગળ ખેંચેલ ધંધાનું નુકસાન જેમાં ઘસારો રૂ. ૪૦,૦૦,૦૦૦ સામેલ છે ........................................................ ૪૫

આવકવેરાની કલમ ૧૧૫ JBને ધ્યાનમાં રાખી, આકારણી વર્ષ ૨૦૧૦-૧૧ માટે આવકવેરાની ગણતરી કરો.

**અથવા**

૫ આવકવેરા કાયદાની કલમ ૧૧૫-૦ના સંદર્ભમાં નીચેનાની ચર્ચા કરો : ૧૨

ડિવિડન્ડ એટલે શું ? ડિવિડન્ડ ટેક્સ એટલે શું ? ડિવિડન્ડ ટેક્સની ઉત્તરો-ઉત્તર અસર (Cascading effect) કેવી રીતે મર્યાદિત કરી શકાય ? ડિવિડન્ડ ટેક્સ ભરવાની સમયમર્યાદા શું છે ? ડિવિડન્ડ ટેક્સ મજરે મળી શકે છે ?

૬ નીચેનાની ચર્ચા કરો :

(૧) સંપત્તિવેરા હેઠળ 'ડિમ્ડ એસેટસ' ૭

(૨) સંપત્તિવેરા હેઠળ કરમુક્ત મિલકતો. ૭

**અથવા**

૬ (અ) X લિ. રહેઠાણના ફ્લેટના બાંધકામના ધંધામાં છે. નીચેની વિગતો પરથી કંપનીની તા. ૩૧-૩-૨૦૧૦ની કરપાત્ર સંપત્તિ અને સંપત્તિવેરાની ગણતરી કરો : ૮

(૧) શહેરી વિસ્તારમાં જમીન રૂ. ૩૫,૦૦,૦૦૦ (આ જમીન પર મ્યુનિસિપાલટીના કાયદા મુજબ બાંધકામ કરી શકાય નહીં)

(૨) મોટર ગાડી રૂ. ૭,૦૦,૦૦૦ (આ ગાડી ભાડેથી ચલાવવા માટે છે.)

(૩) ઝવેરાત (રોકાણો) રૂ. ૧૫,૦૦,૦૦૦; લીધેલ લોન રૂ. ૧૦,૦૦,૦૦૦.

(૪) રોકડ સિલક (હિસાબી ચોપડા મુજબ) રૂ. ૧,૭૫,૦૦૦

(૫) બૅન્ક સિલક રૂ. ૨,૫૦,૦૦૦

(૬) ગેસ્ટ હાઉસ (મ્યુનિસિપાલટી હદની ૩૦ કિ.મી. દૂર) રૂ. ૬,૦૦,૦૦૦.

(૭) મેનેજિંગ ડાયરેક્ટરના રહેઠાણમાં ઉપયોગમાં લેવાતો કંપનીની માલિકીનાં ફ્લેટ રૂ. ૧૦,૦૦,૦૦૦. મેનેજીંગ ડાયરેક્ટર રૂ. ૨,૦૦,૦૦૦ ના માસિક મહેનતાણાથી પૂર્ણ સમય માટે છે.

(૮) ૨૦૦ દિવસ માટે ભાડે આપેલ રહેઠાણનો ફ્લેટ રૂ. ૮,૦૦,૦૦૦.

કરપાત્ર સંપત્તિમાં ગણતરી કે બાદબાકી માટે કારણો જણાવીને સંપત્તિવેરાની ગણતરી કરો.

(બ) સંપત્તિવેરા કાયદા હેઠળ સંપત્તિની રીર્ટન અને તેની આકારણી અંગે ચર્ચા કરો. ૬

## ENGLISH VERSION

**Instructions :** (1) As per the instruction No. **1** of Page No. **1**.

(2) Figures to the **right** indicate full marks of the questions.

(3) Question No., **2** is **compulsory**.

(4) Show **necessary** calculation as part of your answer.

1 The following information is available in respect of X Ltd. for the year ending March 31, 2010 : **12**

(i) During the year the company has

- (i) Purchased wheat for its canteen from an agriculturist for Rs. 50,000 in cash
- (ii) Purchased a new plant costing Rs. 3,00,000 on deferred payment (interest payable for the period subsequent to the installation amounting to Rs. 1,00,000 has been capitalized by the company) (Plant put to use this year)
- (iii) Purchased certain equipment to be used in laboratory for research for Rs. 1,50,000.
- (iv) Incurred Rs. 20,000 for digging a borewell which however did not yield any water.
- (v) Supplied spare parts to its customers (free of charge) under the warranty clause. (The selling price of spare parts so supplied is Rs. 1,80,000 and cost Rs. 1,20,000, no accounting entries in the financial books have been passed).
- (vi) Spent Rs. 70,000 towards training an employee in West Germany. The details are : air fare Rs. 10,000 and daily allowance (for 60 days in foreign exchange) Rs. 60,000. (In earlier year such expenditure has been disallowed on the ground that it is capital expenditure).
- (vii) Purchased a building to be exclusively used as a family planning centre for its employees at a cost of Rs. 5,00,000.
- (viii) Donated Rs. 10,00,000 to Prime Minister's National Relief Fund and
- (ix) Paid Rs. 30,000 as interest on loan borrowed for the purpose of paying instalment of advance tax.

The company's Net Profit before considering above items is Rs. 10,00,000. You are required to state how the above facts will be dealt in computation of gross income of the company.

**OR**

1 (a) Manoj is working with X Ltd. and is entitled to a salary of Rs. 30,000 p.m. He has a house property which is self occupied. He paid an interest of Rs. 1,20,000 on loan taken by him for construction of the house property. He intimated that there will be loss of Rs. 1,20,000 in respect of house property. Compute the tax to be deducted by X Ltd. every month. **6**

(b) Discuss the liability for tax deduction at source in following cases : **6**

(i) A TV channel pays Rs. 11,00,000 on 1.7.09 as prize money to X, the winner of Quiz programme., "Who will be a millionaire?"

(ii) State Bank of India pays Rs. 50,000 per month as rent to the Central Government for a building in which one of its branches is situated.

(iii) A company pays to a doctor monthly retainship of Rs. 3,000 for attending an outpatient clinic at its factory premises.

2 Compute the advance tax payable by Mr. A from the following information submitted for the financial year 2009-10 : **10**

| | | ***Rs.*** |
|---|---|---|
| 1 | Income from Salary | 2,64,000 |
| 2 | Rent from House Property (Gross) | 1,50,000 |
| 3 | Interest on Government Securities | 5,000 |
| 4 | Interest on bank deposits | 3,000 |
| 5 | Receipt from horse-race (net) | 14,000 |
| 6 | Agricultural income | 90,000 |
| 7 | Contribution towards PPF | 10,000 |
| 8 | Tax deducted at source by the employer on salary | 9,680 |

3 Attempt the following questions : (any **three**) **12**

(i) Determination of residential status of a company.

(ii) Power of Directors of commissioner of Income-tax in regard to search and seizure under section 132 of Income Tax Act.

(iii) Permanent Account Number

(iv) Interest on refund u/s 234 D

(v) Company in which public are substantially interested u/s 2(18)

4 Attempt the following questions : (any **two**) **12**

(i) The Assessing Officer issued a notice on December 3, 2009 calling upon an assessee to file the return for the assessment year 2009-10. In response to the notice the assessee furnished a return of loss claiming the carry forward of (a) business loss and (b) depreciation. State whether the assessee would be entitled to the benefit of carry forward and depreciation as claimed in the return.

(ii) State whether Mr. B will have to mandatorly furnish return of income for assessment year 2010-11 :
Income of B for 2009-10 :
(a) Income from business ................................ 2,50,000
(b) Income from other sources .......................... 25,000
(c) Gross sales turnover ......................... Rs. 25,00,000
(d) Brought forward business loss eligible for set off u/s 72 ................. Rs. 2,00,000

(iii) Can notice of demand be prepared after the expiry of stipulated period when the assessment order was made before the expiry of stipulated period?

(iv) A return of income was filed within the statutory time provided under the Act, without making payment of self-assessment tax due as per return. The same was paid before completion of assessment. The Assessing Officer wants to declare the return as invalid. Is the Assessing Officer justified?

5 A Ltd. furnishes the following details for the year ending 31.3.2010 : 12

| | *Rs. (in lakhs)* | *Rs. (in lakhs)* |
|---|---|---|
| Operating profit | | 220 |
| Less : Transfer to General Reserve | 13 | |
| Provision for diminution in the value of assets | 12 | |
| Proposed dividend | 15 | 40 |
| Net Profit | | 180 |

You are further provided with following information about debit/credit to profit and loss account in arriving at above mentioned profit:

| | *Debit (Rs. in lakhs)* | *Credit (Rs. in lakhs)* |
|---|---|---|
| (i) Depreciation on SLM | 80 | |
| (ii) Income tax | 40 | |
| (iii) Agricultural income (net) | | 60 |
| (iv) Share of profit from a firm | | 20 |

The following additional information is provided :

| | *(Rs. in lakhs)* |
|---|---|
| (i) Depreciation as WDV method | 140 |
| (ii) As per company law, loss brought forward which includes depreciation of Rs. 10 lakh | 30 |
| (iii) As per income-tax law business loss brought forward including unabsorbed depreciation of Rs. 40 lakhs | 45 |

You are required to examine the applicability of section 115 JB and determine tax liability accordingly for assessment year 2010-11.

**OR**

**5** With reference to Income-tax Act (Section 115-O) what is the meaning of dividend? What is dividend tax? How the cascading effect of dividend tax can be mtigated? What is the time limit for payment of dividend tax? Is divided tax deductible expense? - Discuss. **12**

**6** Discuss the following :

(a) Deemed Assets under Wealth Tax Act **7**

(b) Assets exempt from wealth tax **7**

**OR**

**6** (a) X Ltd. is engaged in construction of residential flats. For the valuation date 31.3.2010 it furnishes the following data and requests you to compute the taxable wealth : **8**

(i) Land in urban area (construction is not permitted as per Municipal laws in force) Rs. 35,00,000

(ii) Motor-cars (used on hire by the Company) Rs. 7,00,000

(iii) Jewellery (investment) Rs. 15,00,000; loan taken for purchase of the same Rs. 10,00,000

(iv) Cash balance (as per books) Rs. 1,75,000

(v) Bank balance Rs. 2,50,000

(vi) Guest house (situated in place which is 30 kms away from the local limits of the municipality) Rs. 6,00,000

(vii) Residential flat occupied by the Managing Director Rs. 10,00,000. The Managing Director is on whole time appointment and is drawing remuneration of Rs. 2,00,000 per month.

(viii) Residential house let out on hire for 200 days Rs. 8,00,000.

The computation should be supported with proper reasoning for inclusion or exclusion.

(b) Discuss the provisions of wealth tax act with regard to return of wealth and assessment. **6**